| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૬/૨૦૨૬. |
| નોંધ્યા તારીખ | ૨૪/૦૬/૨૦૨૬. |
| ફેંસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬. |
| વ્યતિત સમય | ૦૦વર્ષ, ૦૧ માસ, ૧૯ દિવસ. |

वीँछियानां महे.श्री ज्युडिशियल मेजिस्ट्रेट फर्स्ट क्लास साहेबनी कोर्टमां,

વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,
મુકામઃવીંછિયા.

ફોજદારી કેસ નં.૨૦૩/૨૦૨૬.
આંકઃ-..........

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ-૨૮૧, ૧૨૫(એ), તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | વીંછિયા પોલીસ સ્ટેશન, ગુના રજિસ્ટર નં. ૦૦૮૩/૨૦૨૬. |
| પોલીસ સ્ટેશન | વીંછિયા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદપક્ષ | સરકારશ્રી |
| રજૂઆત | વિદ્વાન એ.પી.પી.શ્રીમતી કે.એમ.ચૌધરી |
| આરોપીપક્ષ | આરોપી સુમિતભાઇ જાદવભાઇ તેજાણી, ઉ.વ.૩૩,<br>**હાલ** રહે.અંબીકા રેસીડેન્સી એ-૫૦૫ શુભલક્ષ્મીની સામે વેડ રોડ, સુરત **મુળ** રહે.પરમહંસ સોસાયટી આંબાલવાડી તા.જિ.સુરત. |
| રજૂઆત | વિદ્વાન વકિલશ્રી બી.આર.રાઠોડ |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૬/૦૧/૨૦૨૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૧/૦૨/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ(ચાર્જશીટ) | ૨૧/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | - |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૭/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | - |

# //આરોપીઓની વિગત//

| અનુ. નંબર | આરોપીઓનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયનો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ ૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સુમિતભાઇ જાદવભાઇ તેજાણી | ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ નોટીસ આપી | – | બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ. | નિર્દોષ | – | – |

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

એ. ફરિયાદપક્ષઃ–

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૦૧. | દિનેશભાઇ ધીરુભાઇ પલારીયા | ફરિયાદી |
| ફ.સ.૦૨. | અંકેશભાઇ અરવિંદભાઇ સાંકળીયા | સાહેદ |
| ફ.સ.૦૩. | કિરણભાઇ ભરતભાઇ ટીંબલ | સાહેદ |

બી. બચાવપક્ષઃ–

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

સી. કોર્ટ વિટનેશઃ–

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદપક્ષઃ–

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૫ | ફરીયાદી દિનેશભાઇ ધીરુભાઇ પલારીયાની જુબાની |

| | | |
|---|---|---|
| **૦૨** | **૦૬** | ફરીયાદ |
| **૦૩** | **૦૭** | સાહેદ અંકેશભાઇ અરવિંદભાઇ સાંકળીયાની જુબાની |
| **૦૪** | **૦૮** | સાહેદ કિરણભાઇ ભરતભાઇ ટીંબલની જુબાની |
| **૦૫** | **૦૯** | સ્થા. જગ્યાનું પંચનામું |
| **૦૬** | **૧૦** | સારવાર સર્ટીફીકેટ |
| **૦૭** | **૧૧** | કલોઝીંગ પુરશીશ. |

//જજમેન્ટ//

**(૦૧)** **ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,** આ કામે તા. ૨૬/૦૧/૨૦૨૬ ના બપોરના આશરે અગિયારેક વાગ્યે આ કામના ફરિયાદી તથા સાહેદો પીપરડી ગામે જતા હતા ત્યારે કુલવાડી હોદા નિચે પહોંચતા એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી જેના રજી નં–GJ – 05–JA 5703 વાળાએ સામેથી અમારી સાઇડમાં આવી ફોરવ્હીલ ચાલકે બેફીકરાઇ તથા ગફલતભરી માનવ જીંદગી જોખમાય તે રીતે પુર ઝડપે ચલાવી અમારા મોટર સાઈકલ હડફેટે લેતા મને જમણા પગે ટાંકા જેવી ઈજા તથા જમણા પગે મુઢ ઈજા કરી પોતાની હવાલાવાળી ફોરવ્હીલ ગાડીના રજી નં–GJ – 05–JA 5703 વાળી લઈ બનાવવાળી જગયાથી નાસી જઈ, **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો શિક્ષાપાત્ર ગુના કરેલ છે.

**(૦૨)** ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થતાં આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૨૩૦** મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, **આંક–૦૩ થી આરોપીની ગુના સંબંધેની પ્લી રેકર્ડ કરતાં,** આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં, આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩) **આ કેસમાં મહત્ત્વના સાક્ષીઓ તપાસાયા બાદ,** ફરિયાદપક્ષ તરફથી આંક–૧૧ થી કલોસીંગ પુરશીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ આરોપીનું **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૩૫૧** અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવી છોડી મુકવા રજૂઆત કરી છે. આરોપીએ બચાવનાં સાહેદો તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

(૦૪) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીનાઓને અને આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીનાઓની દલીલો સાંભળવાામાં આવેલ.

(૦૫) **આ કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** આ કામે તા. ૨૬/૦૧/૨૦૨૬ ના બપોરના આશરે અગિયારેક વાગ્યે આ કામના ફરિયાદી તથા સાહેદો પીપરડી ગામે જતા હતા ત્યારે કુલવાડી હોદા નિચે પહોંચતા એક સફેદ કલરની સ્વીફટ ગાડી જેના રજી નં–GJ – 05–JA 5703 વાળાએ સામેથી અમારી સાઇડમાં આવી ફોરવ્હીલ ચાલકે બેફીકરાઇ તથા ગફલતભરી માનવ જીંદગી જોખમાય તે રીતે પુર ઝડપે ચલાવી અમારા મોટર સાઈકલ હડફેટે લેતા મને જમણા પગે ટાંકા જેવી ઈજા તથા જમણા પગે મુઢ ઈજા કરી પોતાની હવાલાવાળી ફોરવ્હીલ ગાડીના રજી નં–GJ – 05–JA 5703 વાળી લઈ બનાવવાળી જગયાથી નાસી જઈ, **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો શિક્ષાપાત્ર ગુના કરેલ છે.?

**મુદ્દા નં.૨ શું હુકમ ?**

**(૫.૧) ઉપરોક્ત મુદ્દાઓનાં ન્યાયિક નિર્ણયના કારણો નીચે મુજબ છે.**

**મદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

**//નિર્ણય અંગેના કારણો//**

**<u>મુદ્દા નં.૦૧થી ૦૨.</u>**

**(૦૬) ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય,** જેથી હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા /પુરાવાનું મુલ્યાંન કરવામાં આવે છે.

આ કામના આરોપીઓ સામે **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ** ના ગુનાના આક્ષેપ છે. સદર આક્ષેપિત ગુનાના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે.

**<u>ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૨૮૧ ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. આરોપીએ જાહેરમાં રસ્તા ઉપર વાહન ચલાવેલ છે.

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવેલ છે.

૩. જેના કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

**<u>ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૧૨૫(એ) ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યું.

૨. તેવા કૃત્યના કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઈ.

૩. તેવા કૃત્યના કારણે કોઈ વ્યક્તિને વ્યથા નિપજી.

**<u>એમ. વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ ના આવશ્યક તત્ત્વોઃ–</u>**

૧. આરોપીએ મોટર વ્હીકલ એકટમાં જણાવેલ કોઇ નિયમ, અધિનિયમ કે જાહેરનામાનો ભંગ કરેલ હોવો જોઇએ.

૨. આરોપીએ લોકો માટે જોખમી હોય, એવી ઝડપે/રીતે મોટર વાહન ચલાવેલ છે.

**હાલના ચુકાદામાં ઉપરોક્ત આવશ્યક તત્ત્વો ધ્યાનમાં રાખી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.**

**(૦૭) ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ની કલમ–૨ તથા કલમ–૧૬૮ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો** પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકીકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન **ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ની કલમ–૧૦૪ થી કલમ–૧૨૦ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે.** ફોજદારી ઈનસાફી કાર્યવાહીનો સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ **ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ની કલમ–૨** માં જણાવ્યા પ્રમાણે સાબિત તથા ના–સાબિતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે અને જો ફરિયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઊભી થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળે અને આરોપીઓ જો તેમનો બચાવ સાબિત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીના સિદ્ધાંત મુજબ સાબિત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે, નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરિયાદપક્ષને મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો કેસ સાબિત થાય નહિ અને જેથી ફરિયાદપક્ષે મળે નહિ અને વાજબી શંકાથી પર ફરિયાદપક્ષનો ભાર હંમેશા ફરિયાદપક્ષ ઉપર જ રહે છે તે ક્યારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતાં આરોપીપક્ષે **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૧૪ થી ૪૪** મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી **ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ની કલમ–૦૨, ૧૦૪ થી ૧૨૦** ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે.

*નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Jayantilal Kuberdas** Sharma vs State of Gujarat ((2007) 1 GLR 99) માં ઠરાવેલ છે કે,*

*The Court Must Bear In Mind The Set Up And The Circumstances In Which The Crime Is Committed, The Quality Of Evidence, Nature And Temperament Of The Witnesses, The Level Of Understanding And Power Of Perception And Examination Of Individual Witness And Probability In Ordinary Course Of Nature About The Act Complained Of As Might Have Been Witnessed By The Witnesses.*

***ઉપરોક્ત સિદ્ધાંત મુજબ રજૂ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવામાં આવેલ છે.***

(૦૮) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ફરિયાદી દિનેશભાઇ ધીરુભાઇ પલારીયાને આંક–૦૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન આંક–૦૬ થી ફરિયાદ રજૂ થયેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે,** બનાવ સને ૨૦૨૬ની સાલમા બનેલો હતો. બનાવના દિવસે હું તથા કિરણભાઈ તથા અંકેશભાઈ એમ બધા મો.સા લઈ ને ખરીદી કરવા માટે ગયેલ હતા ત્યારબાદ પરત ફરતા મો.સા અંકેશભાઈ ચલાવતા હતા. ત્યારે બપોરના સમયે રૂપાવટી ગામ તરફ પહોચતા અચાનક બ્રેક મારતા અમો પડી ગયેલ જેથી અમોને સામાન્ય ઈજા થયેલ તે સિવાય અન્ય કાંઈ બનેલ નથી. હાલની ફરીયાદ મે બીજા કહેવાથી આપેલી મને કોર્ટ રેકર્ડ માંથી ફરીયાદ ખરી નકલ બતાવવામાં આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવું છુ જેને પુરાવામા રજુ દાખલ આંક–૦૬ આપવામાં આવે છે.

(૮.૧) **સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાયી હકીકત જણાઈ શકેલ નથી.**

(૮.૨) **આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં મજકૂર ફરિયાદીએ જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે અમો તથા આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે.એ વાત ખરી છે કે અમો ત્રણ જણા ગાડીમાંથી

સ્લીપ થઈને પડી ગયેલ હતા અમારી સાથે કોઈ અકસ્માત થયેલ નથી. અમો આગળ કેસ ચલાવવા માંગતા નથી.

(૦૯) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ અંકેશભાઈ અરવિંદભાઈ સાંકળીયાને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને મજકૂર સાહેદે તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે,** બનાવ સને ૨૦૨૬ની સાલમા બનેલો હતો. બનાવના દિવસે હું તથા કિરણભાઈ તથા દિનેશભાઈ એમ બધા મો.સા લઈ ને ખરીદી કરવા માટે ગયેલ હતા ત્યારબાદ પરત ફરતા મો.સા હું ચલાવતો હતો ત્યારે બપોરના સમયે રૂપાવટી ગામ તરફ પહોચતા અચાનક બ્રેક મારતા અમો પડી ગયેલ જેથી અમોને સામાન્ય ઈજા થયેલ તે સિવાય અન્ય કાંઈ બનેલ નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહિ.

(૯.૧) **સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાયી હકીકત જણાઈ શકેલ નથી.**

(૯.૨) **આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે અમો તથા આરોપી વચ્ચે ધરમેળે સમાધાન થઈ ગયેલ છે.એ વાત ખરી છે કે અમો ત્રણ જણા ગાડીમાંથી સ્લીપ થઈને પડી ગયેલ હતા અમારી સાથે કોઈ અકસ્માત થયેલ નથી .

(૧૦) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી સાહેદ કિરણભાઈ ભરતભાઈ ટીંબલને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને મજકૂર સાહેદે તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે,** બનાવ સને ૨૦૨૬ની સાલમા બનેલો હતો. બનાવના દિવસે હું તથા અંકેશભાઈ તથા દિનેશભાઈ એમ બધા મો.સા લઈ ને ખરીદી કરવા માટે ગયેલ હતા ત્યારબાદ પરત ફરતા મો.સા અંકેશભાઈ ચલાવતા

હતા. ત્યારે બપોરના સમયે રૂપાવટી ગામ તરફ પહોચતા અચાનક બ્રેક મારતા અમો પડી ગયેલ જેથી અમોને સામાન્ય ઈજા થયેલ તે સિવાય અન્ય કાંઈ બનેલ નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહિ

**(૧૦.૧) સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ પણ કોઇ ફળદાયી હકીકત જણાઇ શકેલ નથી.**

**(૧૦.૨) આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં મજકૂર સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે અમો તથા આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે.એ વાત ખરી છે કે અમો ત્રણ જણા ગાડીમાંથી સ્લીપ થઈને પડી ગયેલ હતા અમારી સાથે કોઈ અકસ્માત થયેલ નથી .

**(૧૧) ઉપરોક્ત ચર્ચા કરેલ સાહેદની જુબાની તથા રેકોર્ડ પરના પુરાવા જોતા** ફરીયાદી ફરિયાદીપક્ષને સર્મથન કરતા નથી. જેથી તેમને ફરી ગયેલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાઈ હકિકત જણાઈ શકેલા નથી. ત્યારબાદ પોતાની ઉલટતપાસમાં એમ સ્વીકારેલ કે, અમારે તથા આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. તથા અમો ત્રણ જણાં ગાડીમાંથી સ્લીપ થઇને પડી ગયેલ હતા અમારી સાથે કોઇ અકસ્માત થયેલ નથી. આમ ફરિયાદીની જુબાનીમા આરોપી વિરુધ કોઈ પુરાવો આવેલ નથી. ત્યારબાદ સાહેદ અંકેશભાઈ અરવિંદભાઈ સાંકળીયાનાઓને આંક-૦૭ થી તથા સાહેદ કિરણભાઇ ભરતભાઇ ટીંબલનાઓને આંક-૦૮ થી તપાસેલ છે જેઓ બનાવ સમયે ફરીયાદી સાથે જ હતા. તેઓ પણ ફરિયાદીપક્ષને સર્મથન કરતા નથી. જેથી તેમને ફરી ગયેલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફરદાઈ હકિકત જણાઈ શકેલા નથી. જેથી હાલની સાહેદોની જુબાનીમાં પણ આરોપી વિરૂદ્ધ કોઈ સ્પષ્ટ પુરાવા આપેલ નથી અને ફરિયાદપક્ષ દ્વારા કોઇ અન્ય તટસ્થ સાહેદોને

તપાસેલ નથી. આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ છે. આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેશષણ કરતા આ કામના ફરીયાદી તેમજ સાહેદોની જુબાનીથી આરોપી વિરૂધ્ધનુ કોઇ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી અને આરોપીએ ફરીયાદી સાથે **બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** મુજબનો ગુનો કરેલ છે તેવું ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવા તદન નિષ્ફળ ગયેલ છે. વધુમાં, હાલના કામે કોઇ પંચોને તપાસવામાં આવેલ નથી. જેથી આંક–૦૯ થી સ્થા. જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ થી મેડીકલ સર્ટીફીકેટ કબુલ રાખવા માત્રથી આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશ્યોક્તિભર્યું તેમજ કાયદાની વિરૂદ્ધનું તેમજ **ભારતીય સાક્ષ્ય અધિનિયમ–૨૦૨૩ના** પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરૂદ્ધનું ગણાશે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

**(૧૩)** વધુમાં ક્રિમિનલ જયુરીસપ્રુડન્સ મુજબ તેમજ **ભારતીય સાક્ષ્ય અધિનિયમ–૨૦૨૩ ની કલમ–૧૦૪** મુજબ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમની હકીકતો પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઇએ. આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેશષણ કરતા આ કામે ભોગ બનનાર ફરીયાદી છે તેઓની જુબાનીથી આરોપી વિરૂધ્ધનુ કોઇ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ ગણી શકાય નહીં. **જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨** અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**//આખરી હુકમ//**

**(૦૧)** આથી આ કામના **આરોપી સુમિતભાઇ જાદવભાઇ તેજાણી, ઉં.વ.૩૩, હાલ** રહે.અંબીકા રેસીડેન્સી એ-૫૦૫ શુભલક્ષ્મીની સામે વેડ રોડ, સુરત **મુળ** રહે.પરમહંસ સોસાયટી આંબાલવાડી તા.જિ.સુરતનાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૨૭૧(૧) અન્વયે **બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ** ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી આરોપીને **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૦૨)** આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ-૪૮૧ ની જોગવાઈ અનુસાર અં કે રૂ. ૧૦ ,૦૦૦/- (અંકે રૂા. દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાતમુચરકો આપવા.

**(૦૩)** આ કામે મુદ્દામાલનો અગા ઉ નો વચગાળાનો હુકમ (જો કોઈ હોય તો ) કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો અપિલ સમય વિત્યા બાદ મુળ માલિકને માલિકની ખરાઈ કરી પરત સોંપવો અને અન્ય મુદ્દામાલ અંગે અપીલ સમય વિત્યા બાદ કાનૂની પ્રક્રિયા અનુસરીને નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ ચુકાદો આજરોજ તારીખઃ૧૨મી, માહેઃ-ઓગસ્ટ, સને.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**સ્થળઃવીંછિયા.** **(એસ.એન.મોદી)**
**તારીખઃ૧૨/૦૮/૨૦૨૬** **પ્રિન્સીપાલ સિવિલ જજ જ્યુડિશિયલ**
**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**

વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨